# બાળવાર્તા

શિક્ષણ સાગર



# બાપા કાગડો... હા બેટા કાગડો

એક ગામમાં એક વેપારીની કરિયાણાની નાની દુકાન હતી. આ વેપારી આખો દિવસ દુકાનમાં બેસી ચીજ વસ્તુ વેંચે. વેપારનો હિસાબ એક ચોપડામાં લખે.

આ વેપારીનો દીકરો નાનો હતો ત્યારે દુકાને આવીને રમે. દુકાનની સામે ઝાડ પર કાગડો બેસીને કા..કા કર્યા કરતો. નાનો બાળક એના બાપને કહ્યા કરે: "બાપા જુઓ આ કાગડો.."

વેપારી ચોપડામાં માથું નાખી કામ કરતા જાય અને દીકરાને જવાબ આપતા જાય:




"હા બેટા કાગડો..".

આવું વારંવાર થાય એમાં વેપારી ભૂલથી ચોપડામાં લખી નાખે:

"બાપા જુઓ આ કાગડો..હા બેટા કાગડો"

વર્ષો પછી વેપારી ઘરડો થઇ ગયો અને એનો દીકરો યુવાન થઇ ગયો એટલે દીકરાએ દુકાન સંભાળી લીધી. ઘરડો બાપ કોઈ કોઈ વાર દુકાને આવીને બેસે અને દીકરા સાથે વાત કરવા લાગે. દીકરાને કામમાં ખલેલ પડે એટલે એ બાપને ધમકાવે અને મુંગા બેસી રહેવા કહે. ઘણી વાર તો બાપનું અપમાન પણ કરી લે. એક વાર ઘરડા વેપારીએ દુઃખી

થઈને દીકરાને કાંઇક સમજાવવા વિચાર્યું. એણે વર્ષો જુના હિસાબના ચોપડાઓ દીકરા પાસે મૂકી દીધા.

દીકરાએ આ ચોપડાઓ જોયા તો એમાં વાંચ્યું:

"બાપા જુઓ આ કાગડો..હા બેટા કાગડો".

દીકરાને એના બાળપણની વાત યાદ આવી ગઈ કે પોતે સતત રમત કર્યા કરતો અને આવું બોલ્યા કરતો ત્યારે એના બાપ જરાયે અકળાયા વગર એને જવાબ આપ્યા કરતા એમાં જ એમનાથી ભૂલમાં આવું લખાઈ ગયું હતું. દીકરાને ખુબ જ પસ્તાવો થયો કે એના બાપે જરાયે અકળાયા વગર એને આવા લાડ લડાવ્યા હતા જ્યારે પોતે તો



ઘરડા થઇ ગયેલા બાપનું અપમાન કરે છે અને એમને વાત જ નથી કરવા દેતો. ત્યાર પછી દીકરો બાપનું ક્યારેય અપમાન ન કરતો અને એમની સાથે વાતો કરીને એમને આનંદમાં રાખતો.

ઘરડા મા-બાપનું ક્યારેય અપમાન ન કરવું. એમણે આપણે નાના હતા ત્યારે આપણી બધી જ ધમાલ-મસ્તી સહન કરીને આપણને ખુશ રાખ્યા હતા તો જ્યારે આપણે મોટા થઇ જઈએ અને મા-બાપ ઘરડા થઇ જાય ત્યારે એમની સાથે પ્રેમથી વાતો કરીને એમને આનંદમાં રાખવા જોઈએ.

# ચતુર માજી

એક ગામમાં એક ઘરડા માજી એકલાં રહેતાં હતાં. એમને સંતાનમાં એક માત્ર દીકરી હતી જે પરણેલી હતી અને પાસેના ગામમાં રહેતી હતી. એક દિવસ માજીએ એની દીકરીને મળવા જવાનું નક્કી કર્યું.

એ ગામમાં જવા માટે એક જંગલમાંથી પસાર થવું પડતું હતું. માજી જંગલમાંથી જઈ રહ્યાં હતાં ત્યારે એક સિંહ આવ્યો અને માજી ને કહેવા લાગ્યો કે એ ઘણો જ ભૂખ્યો છે એટલે તેને ખાઈ જશે. માજી ઘણા ચતુર હતા. તેમણે સિંહને મૂરખ બનાવવાનો રસ્તો વિચાર્યો. માજીએ સિંહને કહ્યું:



"હું તો ઘણી ઘરડી છું. ઘણી દૂબળી-પાતળી છું. તું મને ખાઇશ તો તને શું મળશે? પહેલાં મને મારી દીકરીને ઘરે જવાદે. સારું સારું ખાવા દે. તાજી - તંદુરસ્ત થવા દે. પછી મને ખાજે".

સિંહે વિચાર્યું કે માજીની વાત સાચી છે. આવા દૂબળા-પાતળા માજીને અત્યારે ખાશે તો એને કશું નહિ મળે. માત્ર હાડકાં જ ખાવા મળશે. એના બદલે માજી દીકરીને ઘરે જઈ આવે પછી ખાય તો એને થોડાં લોહી-માંસ પણ મળશે. આમ વિચારીને સિંહે માજીને જવા દીધા.

રસ્તામાં માજીને વાઘ અને રીંછ પણ મળ્યા. એમણે આ જ યુક્તિ

વાપરીને બંનેને મૂરખ બનાવ્યા.

દીકરીને ઘરે થોડા દિવસ રહ્યા પછી માજીએ પોતાના ઘરે પાછા ફરવાનું વિચાર્યું. માજી જાણતાં હતાં કે એમને સિંહ, વાઘ અને રીંછ મળશે અને મારી નાખશે. એમણે એક યુક્તિ વાપરીને મોટી ગોળ કોઠી બનાવી. માજી કોઠીમાં બેસી ગયા અને કોઠીને અંદરથી ગબડાવતા ગબડાવતા જવા લાગ્યા.

જંગલમાં સિંહે આ ગબડતી કોઠી જોઈ. સિંહે કોઠીને પુછ્યું:

"તેં પેલા માજીને જોયા છે જે એની દીકરીને ગામ ગયા છે?".

ચતુર માજીએ અવાજ બદલીને કોઠીની અંદરથી જવાબ આપ્યો:

"કઈ માજી? કયું ગામ? ચાલ કોઠી આપણે ગામ...".

આમ કહીને એમણે કોઠીને અંદરથી ધક્કો મારીને ગબડાવવા માંડી. સિંહ આવી પોતાની મેળે જ ગબડતી કોઠી જોઇને ગભરાઈ ગયો અને રસ્તામાંથી ખસી ગયો. આવી જ રીતે વાઘ અને રીંછ પણ ગભરાઈને ભાગી ગયા.

ચતુર માજી સહી-સલામત પોતાને ઘરે પહોંચી ગયા.

# ચતુર વેપારીઓ

એક ગામમાં કેટલાક વેપારીઓ રહેતા હતા. એમને માલ વેંચવા જુદા જુદા સ્થળે જવું પડતું. એક વખત તેઓ માલ વેંચવા જતા હતા ત્યારે ઘણું મોડું થઇ ગયું. એમને રાતના અંધારામાં જંગલમાંથી પસાર થવું પડ્યું. કેટલાક લૂંટારાઓએ એમનો માલ લૂંટી લીધો. વેપારીઓ બહાદુર અને ચતુર હતા. એમણે એક યુક્તિ કરી. એમણે લૂંટારાઓને કહ્યુંકે તેઓ ઘણા સારા કલાકાર છે. તેઓ એક સરસ નાટક કરીને એમનું મનોરંજન કરશે. લૂંટારાઓ નાટક જોવા બેસી ગયા.

વેપારીઓએ નાટક શરૂ કર્યું. સૌપ્રથમ એમણે ભરવાડનો વેશ લીધો અને ગાવા



લાગ્યા: "વેપારી કલાકાર આવે છે. ભરવાડનો વેશ લાવે છે". એમણે ભરવાડનો અભિનય કરીને લૂંટારાઓનું મનોરંજન કર્યું. પછી એમણે સુથાર, મોચી, લુહાર વિ. ના અભિનય કરીને લૂંટારાઓનું મનોરંજન કર્યું. લૂંટારાઓ મોજમાં આવી વેપારીઓ સાથે નાચવા-ગાવા લાગ્યા. પછી વેપારીઓએ ચોર-પોલીસનું નાટક શરૂ કર્યું. કેટલાક વેપારીઓ ચોર-લુંટારા બન્યા અને કેટલાક પોલીસ બન્યા. આ નાટકમાં એમણે

બતાવ્યું કે પોલીસ આવીને લૂંટારાઓને પકડી જાય છે. વેપારી કલાકારો ગાવા લાગ્યા:

"વેપારી કલાકાર આવે છે. ચોરનો વેશ લાવે છે. જલ્દી દોડો ભાઈ જલ્દી દોડો, જઈ પોલીસને જાણ કરો". કેટલાક વેપારીઓ શહેરમાં ગયા અને અસલી પોલીસને લૂંટારાઓ વિષે જાણ કરી. અસલી પોલીસ વેપારીઓની સાથે જયાં નાટક થતું હતું એ જગ્યાએ આવ્યા. .હવે વેપારી કલાકારો ગાવા લાગ્યા: "વેપારી કલાકાર આવે છે. પોલીસનો વેશ લાવે છે".

જે વેપારીઓએ પોલીસનો વેશ લીધો હતો તેઓ આવ્યા. લૂંટારાઓ સમજ્યા કે આ તો નાટકનો જ એક ભાગ છે એટલે તેઓ કલાકારો સાથે નાચવા લાગ્યા. ત્યારે જ અસલી પોલીસ આવ્યા અને લૂંટારાઓને પકડી લીધા. હજી પણ લૂંટારાઓ એમ જ માનતા હતા કે આ તો નાટકનો જ એક ભાગ છે! પોલીસ લૂંટારાઓને જેલમાં લઇ ગયા અને વેપારીઓને એમનો માલ પાછો મળી ગયો.

આમ બહાદુર અને ચતુર વેપારીઓએ એમનો માલ પાછો મેળવ્યો અને લૂંટારાઓને પણ પકડાવી દીધા. આપણે ગમે તેવી ખરાબ પરિસ્થિતિમાં (જેમ કે અહીં વેપારીઓ લૂંટાઈ ગયા) પણ ગભરાવું ન જોઈએ. આપણે બહાદુરીથી પરિસ્થિતિનો સામનો કરવો જોઈએ અને ચતુરાઈપૂર્વક સાચા નિર્ણય લેવા જોઈએ.

## ટાઢું ટબુકડું

એક ગામમાં એક માજી એકલાં રહેતાં હતાં. ગામ જંગલની નજીક હતું. જંગલમાં સિંહ, વાઘ જેવા જંગલી પ્રાણીઓ રહેતા હતા.

એક દિવસ ત્યાં ભારે વરસાદ પડ્યો. નદીમાં પૂર આવી ગયું. પૂરનું પાણી જંગલમાં આવી ગયું એટલે કેટલાક જંગલી પ્રાણીઓ ગામમાં દોડી આવ્યા. એક વાઘ માજીના ઘર પાસે આવી ગયો. વાઘ ભૂખ્યો હતો એટલે માજીને બીક લાગીકે તે એમને મારશે તો? માજી ગાવા લાગ્યાં:

"હું તો સિંહડાથી




ન બીવું, વાઘડાથી ન બીવું, પણ ટાઢા ટબુકડાથી બીવું".

આ સાંભળીને વાઘ અચંબામાં પડી ગયો. આ કેવું કે માજીને કોઈ જંગલી પ્રાણીની બીક નથી લાગતી પણ એક ટાઢા ટબુકડાની બીક લાગે છે? એણે ટાઢા ટબુકડાને મળવાનું નક્કી કર્યું અને એ માજીના ઘરે ગયો. વાઘ માજીના ઘરની બહાર ઊભો રહ્યો.

માજીના ઘરનું છાપરું નળિયાનું બનેલું હતું. વરસાદનું પાણી નળિયા પરથી ટપકતું હતું. વરસાદ રહી ગયો હતો એટલે પાણી ટીપે ટીપે ટપકતું હતું. ઠંડીને લીધે ટીપું ખુબ જ ઠંડુ અને ધ્રુજાવી દે એવું હતું. માજી આ ઠંડા ટીપાંને ટાઢું ટબુકડું કહેતાં હતાં. વાઘ પર ટીપું પડ્યું ત્યારે એ ઠંડીથી ધ્રુજી ગયો. ઠંડુ પાણી ટીપે ટીપે પડતું હતું એટલે વાઘ એના ઠંડા, ધ્રુજાવી દે એવા મારથી ગભરાઈ ગયો. વાઘ માજીના ઘર પાસેથી ભાગી ગયો.

આમ ટાઢા ટબુકડાએ માજીને બચાવી લીધાં!

# આળસુ કબૂતર

એક ખેતર હતું. ખેતર પાસેના ઝાડ પર એક ચકલી અને એક કબૂતર રહેતાં હતાં. ચોમાસું સારું રહ્યું હોવાથી ખેતરમાં ખુબ જ સારો પાક થયો હતો. ખેતર દાણા વાળા ડૂંડાઓથી લચી રહ્યું હતું. ચકલી રોજ વહેલી સવારે ખેતરમાં દાણા ચણવા જતી હતી.

લણણી (પાકની કાપણી)નો સમય નજીક આવ્યો એટલે ચકલીએ શિયાળાની ઋતુ માટે દાણા ભેગા કરી સાચવી રાખવા વિચાર્યું. તેણે કબૂતરને પણ એમ કરવા કહ્યું. કબૂતર આળસુ હતું એટલે એણે ધ્યાન ન આપ્યું. રોજ સવારે ચકલી કબૂતરને એની સાથે આવવા કહેતી હતી. કબૂતર એને કહેતું:



"ઠાગા ઠૈયા કરું છું..ચાંચુડી ઘડાવું છું...જાવ રે ચકલીબેન આવું છું.."

ચકલી દાણા એકઠા કરતી હતી. તેણે કબૂતરને કહ્યું કે હવે ગમે ત્યારે ખેડૂત પાકની કાપણી કરી લેશે. પણ આળસુ કબૂતર મોડું કર્યે રાખતું અને કહ્યા કરતું:

"ઠાગા ઠૈયા કરું છું..ચાંચુડી ઘડાવું છું...જાવ રે ચકલીબેન આવું છું.."

એક દિવસ ખેડૂતે પાકની કાપણી કરી લીધી. ચકલીએ તો દાણા ભેગા કરી લીધા હતા પણ આળસુ કબૂતર શિયાળા માટે પૂરતા દાણા ભેગા ન કરી શક્યું. આળસુએ કિંમત ચુકવવી જ પડે! સારું જીવન જીવવા માટે આળસ ખુબ જ નુકસાનકર્તા છે.

## **રાજાને સપનાએ બચાવ્યો!!**

એક રાજ્યમાં એક રાજા રાજ કરતો હતો. કેટલાક દુશ્મનોએ રાજાને મારવાનું કાવતરું કર્યું. રાજા સુતા હતા ત્યાં છરો લઇ પહોંચી ગયા અને રાજાના કમરાની બહાર સંકોચાઈને-સંતાઈને બેસી ગયા.

બરાબર ત્યારે જ રાજાને સપનું આવ્યું. એણે સપનામાં એક બતક જોયું. બતક શરીર સંકોચીને પાણીમાં બેઠું હતું. રાજા ઊંઘમાં જ બોલ્યો:

"કુક્કડ મુક્કડ બેઠા છે".

ખૂનીઓ ચમકી ગયા કે રાજા જાણી ગયો છે કે



તેઓ બહાર બેઠા છે? ખૂનીઓ સાવચેતીથી કમરામાં જવા જમીન ખોદવા લાગ્યા. બરાબર ત્યારે જ રાજાએ સપનામાં કૂતરું જોયું જે જમીન ખોદતું હતું. રાજા ઊંઘમાં જ બોલ્યો:

"ખદબદ ખદબદ ખોદે છે".

ખૂનીઓ સમજ્યા કે રાજા તેમને જોઈ ગયો લાગે છે. ખૂનીઓ ગભરાઈ ગયા અને ભાગ્યા. બરાબર ત્યારે જ રાજાએ સપનામાં ઘોડો જોયો જે દોડતો હતો. રાજા ઊંઘમાં જ બોલ્યો:

"ઘડબડ ઘડબડ દોડે છે".

હવે તો ખૂનીઓને લાગ્યુંકે રાજા એમને જોઈ જ ગયો છે એટલે એમને પકડીને ફાંસી જ આપી દેશે. ખૂનીઓ રાજ્ય છોડીને જ ભાગી ગયા.

આમ રાજાને સપનાં આવ્યાં એમાં અનાયાસે જ રાજા બચી ગયો!

## નસીબવંતા ટીડા જોશી

એક રાજ્યમાં ટીડા જોશી નામના જ્યોતિષ રહેતા હતા. તે લોકોને કહેતા કે તે બધું જ જાણે છે. તે બધાનું ભવિષ્ય કહી શકે છે. તે ઘણા જ નસીબદાર હતા આથી જયારે પણ તે ભવિષ્ય કહેતા ત્યારે એ પ્રમાણે જ બનતું. રાજ્યના રાજાએ એમના વિષે સાંભળ્યું. રાજાએ ટીડા જોશીને એમના વિશ્વાસુ સેવક તરીકે મહેલમાં રહેવા બોલાવ્યા. રાજાએ એમને સારો પગાર પણ આપ્યો.

એક દિવસ રાજા એમની સાથે ટીડા જોશીને રાજ્યના લોકોને મળવા લઇ ગયા. તેઓ એક ખેડૂતના ઘરે જમવા ગયા. ખેડૂતની પત્ની રોટલા બનાવતી હતી. ટીડા જોશીએ ગણ્યું




કે કેટલી વખત રોટલા ટીપાય છે (કેટલી વખત ટપ ટપ થયું) એટલે તેઓ જાણી શક્યા કે કેટલા રોટલા બન્યા છે.

રાજાએ ટીડા જોશીની પરીક્ષા લેવાનું નક્કી કર્યું. રાજાએ ટીડા જોશીને પૂછ્યું કે કેટલા રોટલા બન્યા છે. ટીડા જોશીએ તરત જ જવાબ આપ્યો કે ૧૩ રોટલા બન્યા છે કારણકે એમણે ગણ્યું હતું કે કેટલી વખત ટપ ટપ થયું. રાજાએ ખાતરી કરી અને ઘણા ખુશ થયા કે ટીડા જોશી સાચા હતા. રાજાએ

એમને સારું ઇનામ આપ્યું.

ટીડા જોશી રાજાના મહેલમાં રહીને મજા કરતા હતા. એક દિવસ રાજાનો હાર ચોરાઈ ગયો. મહેલના માણસોએ આખા મહેલમાં શોધખોળ કરી પણ હાર ન મળ્યો. રાજાએ ટીડા જોશીને હાર ક્યાં છે તે જણાવવા કહ્યું. ટીડા જોશીએ એક દિવસનો સમય માંગ્યો.

ટીડા જોશી ઘણા ગભરાઈ ગયા કારણકે એ જાણતા નહોતા કે હાર ક્યાં છે. જુઠું બોલવા માટે રાજા સજા કરશે એવા ડરથી તેઓ રાતે ઊંઘી પણ ન શક્યા. તેઓ બબડવા માંડ્યા:

"નીન્દરડી નીન્દરડી આવ".

મહેલમાં "નીન્દરડી" નામની એક સ્ત્રી હતી અને એણે જ હારની ચોરી કરી હતી. ટીડા જોશી તો ઊંઘને નીંદર કહેતા હતા. પણ તે સ્ત્રી સમજી કે ટીડા જોશી જાણી ગયા છે કે એણે જ હાર ચોર્યો છે. તે ટીડા જોશી પાસે આવી અને એમને હાર આપી દીધો. તે માફી માંગવા લાગી. ટીડા જોશી તો માની જ ન શક્યાકે એમના આવા સારા નસીબ છે! એમણે રાજાને હાર આપ્યો. રાજા ઘણા ખુશ થઇ ગયા અને એમને સોનામહોરો આપી.

એક દિવસ રાજા અને ટીડા જોશી ફરવા નીકળ્યા હતા. રાજાએ એક તીડું ઝડપી લીધું અને એમની મુઠ્ઠીમાં મૂકી દીધું. એમણે ટીડા જોશીને પૂછ્યું કે એમની મુઠ્ઠીમાં શું છે. હવે ટીડા જોશી સમજી ગયા કે એમના જુઠ્ઠાણાંનો અંત આવી ગયો છે. રાજાની મુઠ્ઠીમાં શું છે તે કેવી રીતે

ખબર પડે? એમણે રાજાને સાચી વાત કહી દેવાનું નક્કી કર્યું.

તેઓ ગાવા લાગ્યા:

"ટપ ટપ કરતાં તેર જ ગણ્યા (૧૩ રોટલા ટીપાયા હતા). નીંદરડીએ આપ્યો હાર (નીંદરડી નામની નોકરાણી). કાં રાજા તું ટીડાને માર?”

આમ કહી તેઓ એમ કહેવા માંગતા હતા કે નસીબના જોરે જ એમનું જુઠ્ઠાણું ચાલ્યું છે તો રાજાએ "ટીડા"ને એટલે કે એમને ન મારવા જોઈએ. રાજાએ મુઠ્ઠી ખોલી તો એમાંથી તીડું નીકળ્યું! રાજા સમજ્યા કે જોશીએ "તીડા" જ કહ્યું છે! રાજાને લાગ્યું કે ટીડા જોશી બધું જ જાણી શકવાની શક્તિ ધરાવે છે!

ટીડા જોશી આટલા બધા સારા નસીબવાળા હતા!

## બંધ બેસતી પાઘડી પહેરી....

એક ગામમાં ગોવિંદ નામના ખેડૂત રહેતા હતા. તે ગામના મુખી હતા.

એક વખત પવિત્ર શ્રાવણ મહીનામાં ગામવાસીઓએ એક કથાનું આયોજન કર્યું. લોકો દિવસ દરમ્યાન કામ કરતા અને સાંજે કથામાં જતા. એક મહાત્મા કથા કહેતા.

એક દિવસ મુખી ગોવિંદ એમના ખેતરે જતા હતા. એમણે જમીન પર એક બોર પડેલું જોયું. એમને બોર ખાવાની ઈચ્છા થઇ ગઈ. એમણે આસપાસ નજર કરી કે કોઈ જોતું તો નથી ને. ત્યાં નજીકમાં કોઈ નહોતું એટલે તેઓ

જમીન પરથી બોર ઉપાડીને ખાઈ ગયા.

સાંજે તેઓ ગામના બીજા લોકો સાથે કથા સંભાળવા ગયા. કથા પૂરી થઇ ત્યારે કોઈએ મહારાજને પૂછ્યું કે કાલે શેની કથા કરવાના છો? મહારાજે કહ્યું કે "કાલે તો ગોવિંદના ગુણ ગવાશે". મહારાજનું કહેવું હતું કે "ગોવિંદ" એટલે કે ભગવાન શ્રીકૃષ્ણની કથા કરશે. ભગવાન શ્રીકૃષ્ણનું એક નામ ગોવિંદ પણ છે. મુખી ગોવિંદ સમજ્યા કે મહારાજ એમના વિષે વાત કરે છે! એમને લાગ્યું કે નક્કી મહારાજ એમને નીચે પડેલું



બોર ખાતા જોઈ ગયા હશે એટલે તેઓ આખા ગામને આ વાત કરવા માંગે છે!

આથી મુખીએ મહારાજને ભેટ આપીને ખુશ કરવા નક્કી કર્યું. મુખી મહારાજને મળવા ગયા અને ફળો ધર્યા. મુખીએ વિચાર્યું કે હવે મહારાજ કોઈને એમની વાત નહીં કરે. ફરીવાર કથાને અંતે કોઈએ મહારાજને પૂછ્યું કે બીજે દિવસે તેઓ શેની કથા કહેશે? મહારાજે કહ્યું કે તેઓ ગોવિંદની (ભગવાન શ્રીકૃષ્ણની) કથા કહેશે. મુખી ગોવિંદ સમજ્યા કે મહારાજને હજી વધારે ભેટ આપવી પડશે જેથી તેઓ પોતાની વાત ન કરે. આથી મુખીએ મહારાજને વસ્ત્રો આપ્યા.

આવું રોજ થોડા દિવસ ચાલ્યું. મહારાજ ગોવિંદ એટલે કે ભગવાન

શ્રીકૃષ્ણ વિષે કહેતા હતા જયારે મુખી ગોવિંદ સમજતા કે મહારાજ આ રીતે એમને ધમકી આપે છે કે તેઓ એમની વાત બધાને કહી દેશે. આથી મુખી મહારાજને ફળો,વસ્ત્રો,પૈસા વિ. ભેટ આપ્યે જ ગયા.

થોડા દિવસ પછી મુખીએ વિચાર્યું કે મહારાજ તરફથી મળતી આ "ધમકીઓ"નો અંત લાવવો જ પડશે. કથાને અંતે મહારાજે જયારે કહ્યું કે તેઓ ગોવિંદની કથા કહેશે ત્યારે મુખી ગોવિંદ એમની સામે ગુસ્સે થઇ ગયા.

એમણે જાતે જ એમની વાત ગામ લોકોને કહી. એમણે કહ્યું કે એક દિવસ એમણે નીચે પડેલું બોર ખાધું હતું અને કદાચ આ મહારાજ તે જોઈ ગયા હશે. ત્યારથી રોજ મહારાજ "ગોવિંદના ગુણ ગવાશે, ગોવિંદના ગુણ ગવાશે..." એમ કહેતા એમને ધમકી આપે છે કે આ વાત બધાને કહી દેશે. ગામ લોકોએ મહારાજને પૂછ્યું કે આ સાચી વાત છે? મહારાજ કહે કે એમને તો આવી કોઈ વાતની ખબર જ નથી.તેઓ તો "ગોવિંદના ગુણ" એટલે ભગવાન શ્રીક્રષ્ણની કથા વિષે કહેતા હોય છે.

આમ મુખી ગોવિંદે "બંધ બેસતી પાઘડી પહેરી લીધી"! ગામ લોકો એમની પર ખુબ હસ્યા.

## ગુજરાતી ઢોકળા

એક ગામમાં રવજી નામે એક ખેડૂત રહેતો હતો. એ ખાવાનો ઘણો શોખીન હતો. એની યાદદાસ્ત ઘણી ટૂંકી

હતી એટલે એ બધું જલ્દી ભૂલી જતો.

એક દિવસ રવજી બીજા ગામમાં એના મિત્રના ઘરે ગયો. એના મિત્રની પત્નીએ ઢોકળા બનાવ્યાં હતાં. એને ઢોકળા બહુ ભાવ્યાં. રવજીએ ઘરે જઈને એની વહુને રાતે જમવામાં ઢોકળા બનાવવાનું કહેવા નક્કી કર્યું.

રવજી બધી વસ્તુ ભૂલી જતો એટલે સતત "ઢોકળા ઢોકળા..." એમ ગણગણવા લાગ્યો જેથી જ્યારે એ ઘરે પહોંચે ત્યારે એની પત્નીને શું કહેવાનું છે તે યાદ રહે. ચાલતાં ચાલતાં રસ્તામાં મોટો ખાડો આવ્યો. રવજીએ ખાડો કૂદી જવાનો પ્રયત્ન કર્યો પણ ખાડો બહુ મોટો હતો. રવજીએ પોતાનો ઉત્સાહ વધારવા "ઠેકું ઠેકું..." એમ બોલવા માંડ્યું (એટલે કે હું આ ખાડો ઠેકી-કૂદી શકીશ). રવજી ખાડો કૂદી તો શક્યો પણ પહેલાં શું બોલતો હતો તે ભૂલી ગયો!!

છેલ્લે એને "ઠેકું" શબ્દ યાદ હતો એટલે એણે ઘરે જઈને એની વહુને "ઠેકું" બનાવવા કહ્યું. રવજીની વહુએ એને કહ્યું કે "ઠેકું" નામની કોઈ ખાવાની ચીજ જ નથી. પણ રવજીએ તો દલીલો કરી કે એના મિત્રની પત્નીએ તો "ઠેકું" બનાવ્યું હતું. રવજીની વહુએ એને સમજાવવા બહુ કોશિશ કરી પણ આ તો કાંઈ સમજતો જ નહોતો.

રવજી ઘણો ગુસ્સે થઇ ગયો. એની વહુ બૂમો પાડીને રડવા લાગી. પાડોશીઓ એના ઘરે દોડી આવ્યા. રવજીની વહુ એટલી બધી

ગભરાઈ ગઈ હતી કે ઢોકળા જેવી પીળી થઇ ગઈ હતી! પાડોશીઓએ એને કહ્યું કે એને "ઢોકળા" જેવી પીળી કરી દીધી છે. "ઢોકળા" શબ્દ સાંભળીને રવજીને યાદ આવી ગયું કે એ એની વહુને ઢોકળા બનાવવા કહેવાનો હતો! આમ રવજીને શું ખાવું હતું તે યાદ આવી ગયું અને એની વહુએ એને સ્વાદિષ્ટ ઢોકળા બનાવી આપ્યાં!

## પોપટ અને કાગડો

એક બગીચામાં જુદા જુદા વૃક્ષો ઉપર જાત જાતના પક્ષીઓ રહે છે. એક ઝાડ પર એક



પોપટનું કુટુંબ અને એક કાગડાનું કુટુંબ રહે છે. એમના બચ્ચાંઓ સાથે સાથે જ મોટા થયા છે. તેઓ ત્યાં જ મોટા થઈને યુવાન બની ગયા. એક દિવસ પોપટે એની માને કહ્યું કે તે નજીકમાં આવેલા જંગલમાં કમાવા જવા માંગે છે. માને ચિંતા તો થઇ પણ એણે પોપટને જંગલમાં જવા રજા આપી અને થોડા દિવસોમાં જ પાછા આવી જવા કહ્યું.

પોપટ જંગલમાં જઈને એક તળાવ કિનારે આંબાના ઝાડ પર રહેવા લાગ્યો. એ ત્યાં મઝાથી બેસતો, ઝુલા ઝુલતો અને કેરીઓ ખાતો. એક દિવસ એણે એના ગામના એક ભરવાડને જોયો એટલે એણે

એની માને સંદેશ આપવા વિચાર્યું. એણે ખુબ જ નમ્રતાથી ભરવાડને વિનંતી કરી અને ગાવા લાગ્યો:

"ભાઈ ગાયના ગોવાળ, ભાઈ ગાયના ગોવાળ,

મારી માને એટલું કહેજે, મારી માને તેટલું કહેજે,

પોપટ ભૂખ્યો નથી, પોપટ તરસ્યો નથી,

પોપટ આંબાની ડાળ, પોપટ સરોવરની પાળ

બેસી મઝા કરે".

ભરવાડે એની ખાતરી આપી કે તે ગામમાં જઈને એની માને એનો સંદેશ આપશે.

પોપટ થોડા દિવસ જંગલમાં રહીને કેરીઓ અને



મીઠાં ફળો લઈને ઘરે આવ્યો. તે ગાવા લાગ્યો: "ઢોલિયા ઢળાવો,

પાથરણાં પાથરવો,

પોપટભાઈ કમાઈને આવ્યા, પોપટભાઈ કેરીઓ લાવ્યા,

પોપટભાઈ મીઠાં ફળો લઇ આવ્યા".

એણે એની પાંખો ખોલી અને એમાંથી કેરીઓ અને મીઠાં ફળો બહાર કાઢ્યાં. પોપટભાઈની પ્રગતિ જોઇને ઝાડ પર રહેતાં બીજાં પક્ષીઓ બહુ ખુશ થયાં.

આ જોઇને કાગડાના કુટુંબે પણ કાગડાભાઇને જંગલમાં જઈને કાંઇક કમાઈ લાવવા કહ્યું. કાગડો આળસુ હતો એટલે એ જંગલમાં નહોતો જવા માંગતો. એની માએ એને પરાણે ધકેલ્યો એટલે એણે રડારડ કરી મૂકી અને દુ:ખી થઈને ગયો. એ કાદવ

કીચડ વાળી ગંદી જગ્યાએ જઈને બેઠો. એ ગંદકી અને જીવડાં ખાવા લાગ્યો. એણે જયારે એના ગામના ભરવાડને જોયો ત્યારે એની સામે બૂમો પાડીને હુકમ આપતો હોય એમ બોલ્યો:

"એ ગોવાળિયા,
એ ગોવાળિયા,

મારી માને જઈને એટલું કહેજે તેટલું કહેજે

કે કાગડો ભૂખ્યો નથી, કાગડો તરસ્યો નથી,

કાગડો કાદવમાં મઝા કરે, કાગડો ગંદકીમાં મઝા કરે".

ભરવાડ કાગડાની ઉદ્ધતાઈ જોઇને ગુસ્સે થઇ ગયો. એણે કાગડાનો સંદેશ લઇ જવાની ના પાડી દીધી.

થોડા દિવસ બાદ કાગડો કાદવ-કીચડ અને ગંદકી લઈને ઘરે આવ્યો. ઘરે આવીને એ બૂમો પાડવા લાગ્યો:

"ઢોલિયા ઢળાવો,

પાથરણાં

પથરાવો,

કાગડાભાઇ કમાઈને આવ્યા,

કાગડાભાઇ કાદવ-કીચડ લઇ આવ્યા,

કાગડાભાઇ ગંદકી લઇ આવ્યા".

ઝાડ પર રહેતાં પક્ષીઓ કાગડા ઉપર ખુબ જ ગુસ્સે થઇ ગયા અને કાગડાને ઝાડ પરથી ભગાડી મુક્યો.

જો આપણે પોપટની જેમ સારા અને નમ્ર બનીએ તો લોકો આપણને પ્રેમ કરશે. પરંતુ જો આપણે કાગડાની જેમ ઉદ્ધત બનીએ તો લોકો આપણને પ્રેમ નહિ કરે.

# દલા તરવાડી અને વશરામ ભુવા

એક ગામમાં વશરામ ભુવા નામનો એક ખેડૂત રહેતો હતો. એને શાકભાજીની વાડી હતી. એ ગામમાં દલા તરવાડી નામનો એક કંજૂસ માણસ રહેતો હતો. એ હંમેશા ચીજ વસ્તુઓ સસ્તામાં જ ખરીદવાના રસ્તા શોધ્યા કરતો.

એક દિવસ દલા તરવાડી, વશરામ ભુવાની વાડી પાસેથી પસાર થતા હતા. એમણે જોયુંકે વાડીમાં કોઈ નહોતું. એમણે થોડું શાક ચોરી લેવાનું વિચાર્યું. તે રીંગણાંના છોડ પાસે ગયા. એમણે




પોતાની જાત સાથે જ વાત કરી કે ચોરી કરવી એ પાપ છે એટલે એમણે વાડીની સંમતિ લેવી જોઈએ.

એમણે વાડીને પૂછ્યું:

"વાડી રે વાડી!"

પછી એમણે જાતે જ વાડી તરીકે જવાબ આપ્યો:

"હા બોલો, દલા તરવાડી".

પાછા એમણે વાડીને પૂછ્યું:

"રીંગણાં લઉં બે ચાર?"

એમણે જાતે જ વાડી તરીકે જવાબ આપ્યો:

"લ્યોને ભાઈ દસ બાર!"

આમ એમણે થોડાં રીંગણાં લઇ લીધાં અને જાતે જ સંતોષ માન્યો કે એમણે રીંગણાંની ચોરી નથી કરી પણ વાડીની સંમતિ લીધી છે.

આ રીતે દલા તરવાડી દરરોજ વાડીમાંથી જુદા જુદા

શાકભાજી લઇ જવા લાગ્યા. વાડીના માલિક વશરામ ભુવાએ જોયું કે દરરોજ એમની વાડીમાંથી થોડાં શાકભાજી ચોરાઈ જાય છે. આથી એમણે પહેરો ભરવાનું નક્કી કર્યું.

તેઓ એક વૃક્ષની પાછળ સંતાઈ ગયા અને જોવા લાગ્યા કે કોણ શાકભાજી ચોરી જાય છે. એવામાં દલા તરવાડી વાડીમાં આવ્યા. એમણે શાકભાજી લઇ જવા માટે વાડીની સંમતિ માંગી. પછી જાતે જ વાડી તરીકે જવાબ આપીને શાકભાજી લઇ જવાની સંમતિ આપી.

વશરામ ભુવાએ દલા તરવાડીને પકડ્યા. દલા તરવાડી કહે કે તેઓ ચોરી નથી કરતા પણ વાડીને પૂછીને શાકભાજી લઇ જાય છે. વશરામ ભુવા આવા ચોર પર બહુ ગુસ્સે થઇ ગયા. એમણે દલા તરવાડીને પાઠ ભણાવવાનું નક્કી કર્યું. તેઓ દલા તરવાડીને એક કૂવા પાસે લઇ ગયા.

વશરામ ભુવાએ કુવાને પૂછ્યું:

“કૂવા રે ભાઈ કૂવા!"

પછી એમણે જાતે જ કૂવા તરીકે જવાબ આપ્યો:

"હા બોલો વશરામ ભુવા!"

વશરામ ભુવાએ કૂવાને પૂછ્યું:

"ડૂબકી ખવડાવું ત્રણ ચાર?"

પછી એમણે જાતે જ કૂવા તરીકે જવાબ આપ્યો:

"ડૂબકી ખવડાવોને દસ બાર!"

વશરામ ભુવાએ દલા તરવાડીનું મોઢું કૂવાના પાણીમાં દસ બાર વખત

ડૂબાડ્યું. દલા તરવાડી રોવા લાગ્યા અને વશરામ ભુવાને કહેવા લાગ્યા કે ફરી ક્યારેય ચોરી નહીં કરે.

આમ વશરામ ભુવાએ દલા તરવાડીની જ યુક્તિ વાપરીને એમને પાઠ ભણાવ્યો. જેવા સાથે તેવા!

## ઉંદરની ટોપી

એક ઉંદર હતો. એને રસ્તા પરથી એક સરસ મજાનો કાપડનો ટુકડો મળ્યો. એને થયું, લાવ ને આની મજાની ટોપી બનાવું. એ તો કાપડનો ટુકડો લઈને પહોંચ્યો દરજી પાસે.

ઉંદર દરજીને કહે, "દરજીભાઈ, દરજીભાઈ, મને ટોપી સીવી આપો".

દરજી કહે, "જા. જા. તારા જેવા ઉંદર માટે ટોપી સીવવા મારી પાસે સમય નથી".




ઉંદર કહે, "એમ? તો સિપાહી કો બુલાઉંગા. બડે માર દેઉંગા. ખડે તમાશા દેખુંગા" - એટલે કે, "સિપાહીને બોલાવીશ. બરાબરનો માર ખવરાવીશ. ઉભો ઉભો તમાશો જોઇશ".

દરજી તો ડરી ગયો. એ ઉંદરને કહે, "ના ના ભાઈ. એવું ન કરીશ. લાવ તારી ટોપી સીવી આપું છું".

એણે સરસ મજાની ટોપી સીવી આપી. ઉંદર તો રાજી રાજી થઇ ગયો. પછી એને થયું કે આવી મજાની ટોપી પર

ભરત ભર્યું હોય તો કેવું સારું લાગે?

એ તો ઉપડ્યો ભરત ભરવાવાળા પાસે. જઈને કહે, "ભાઈ, મને મારી આ ટોપી પર મજાનું ભરત ભરી આપ".

ભરત ભરવાવાળો કહે, "જા. જા. તારા જેવા ઉંદર માટે ભરત ભરવા મારી પાસે સમય નથી".

ઉંદર કહે, "એમ? તો સિપાહી કો બુલાઉંગા. બડે માર દેઉંગા. ખડે તમાશા દેખુંગા".

ભરત ભરવાવાળો તો ડરી ગયો. એ ઉંદરને કહે, "ના ના ભાઈ. એવું ન કરીશ. લાવ તારી ટોપીને ભરત ભરી આપું છું".

ઉંદર રાજી રાજી થઇ ગયો. પછી એને થયું કે આવી મજાની ભરત ભરેલી ટોપી પર મોતી ટાંક્યાં હોય તો કેવું સારું લાગે?

એ તો ઉપડ્યો મોતી ટાંકવાવાળા પાસે. જઈને કહે, "ભાઈ, મને મારી આ ટોપી પર સરસ મજાના મોતી ટાંકી આપ".

મોતી ટાંકવાવાળો કહે, "જા. જા. તારા જેવા ઉંદર માટે મોતી ટાંકવા મારી પાસે સમય નથી".

ઉંદર કહે, "એમ? તો સિપાહી કો બુલાઉંગા. બડે માર દેઉંગા. ખડે તમાશા દેખુંગા".

મોતી ટાંકવાવાળો તો ડરી ગયો. એ ઉંદરને કહે, "ના ના ભાઈ. એવું ન કરીશ. લાવ તારી ટોપીને મોતી ટાંકી આપું છું".

ઉંદર એકદમ ગેલમાં આવી ગયો અને નાચવા કુદવા લાગ્યો.

ત્યાં રાજાના સિપાહીઓ આવ્યા અને ઉંદરને કહે, "એય ઉંદરડા, આઘો ખસ અહીંથી. રાજાની સવારી નીકળે છે".

ઉંદર સિપાહીઓને કહે, "નહીં ખસું. રાજાની ટોપી કરતાં તો મારી ટોપી વધારે સારી છે".

આ સાંભળીને રાજા ચિડાઇ ગયો. એણે સિપાહીઓને કહ્યું કે, "આ ઉંદરની ટોપી લઇ લ્યો".

ઉંદર ગાવા લાગ્યો, "રાજા ભિખારી... રાજા ભિખારી. મારી ટોપી લઇ લીધી...મારી ટોપી લઇ લીધી...".

રાજાએ સિપાહીને કહ્યું, "આની ટોપી પાછી આપી દો. મને ભિખારી કહે છે".

સિપાહીઓએ ઉંદરને એની ટોપી પાછી આપી દીધી.

ઉંદર ગાવા લાગ્યો, "રાજા મારાથી ડરી ગયો...રાજા મારાથી ડરી ગયો..."

આમ નાચતો, ગાતો એની ટોપી પહેરીને ઉંદર એના ઘરે ગયો.

## ખોડ ખોડ દાળીયો દે

એક છોકરો દાળિયા ઉછાળીને ખાતો હતો. એમાં એક દાળીયો ખોડ (છાપરા)માં પડ્યો.

છોકરો કહે, "ખોડ ખોડ, દાળીયો દે".

ખોડ કહે, "જા. નહીં દઉં".

છોકરો તો ઉપડ્યો સુથાર પાસે. એ સુથારને કહે, "સુથાર, સુથાર, ખોડ કાપ".

સુથાર કહે, "જા. નહીં કાપું".

છોકરો તો ગયો રાજા પાસે. એ

રાજાને કહે, "રાજા, રાજા, સુથારને દંડ દે".

રાજા કહે, "જા. નહીં દઉં".

છોકરો ગયો રાણી પાસે. છોકરો રાણીને કહે, "રાણી, રાણી, રાજાથી રિસાઈ જા".

રાણી કહે, "જા. નહીં રિસાઉં".

છોકરો ઉપડ્યો ઉંદર પાસે. એ ઉંદરને કહે, "ઉંદર, ઉંદર, રાણીના ચીર કાપ".

ઉંદર કહે, "જા. નહીં કાપું". છોકરો ગયો બિલાડી પાસે. એ બિલાડીને કહે, "બિલાડી, બિલાડી, ઉંદરને માર".

બિલાડી કહે, "જા. નહીં મારું".

છોકરો ગયો કુતરા પાસે. એ કુતરાને કહે, "કુતરા, કુતરા, બિલાડીને




માર".

કુતરો કહે,"જા. નહીં મારું".

છોકરો ગયો લાકડી પાસે. એ લાકડીને કહે, "લાકડી, લાકડી, કુતરાને માર".

લાકડી કહે, "જા. નહીં મારું".

છોકરો ઉપડ્યો આગ પાસે. એ આગને કહે, "આગ, આગ, લાકડીને બાળ".

આગ કહે, "જા. નહીં બાળું".

છોકરો ગયો પાણી પાસે. એ પાણીને કહે, "પાણી, પાણી, આગ બુઝાવ".

પાણી કહે, "જા. નહીં બુઝાવું".

છોકરો ગયો હાથી પાસે. એ હાથીને કહે, "હાથી, હાથી, પાણી સુકવ".

હાથી કહે, "જા. નહીં સુકવું".

છોકરો ઉપડ્યો મચ્છર પાસે. એ મચ્છરને કહે, "મચ્છર, મચ્છર, હાથીના કાનમાં બેસી જા".

મચ્છર તો હાથીના કાનમાં બેસવા લાગ્યું! હાથી કહે, "અરે! અરે! મારા કાનમાં ન બેસ. હું પાણી સુકવું છું".

પાણી કહે, "ના ભાઈ, મને સુકાવીશ નહીં. હું આગ બુઝાવું છું".

આગ કહે, "ના ના. મને બુઝાવશો નહીં. હું લાકડી બાળું છું".

લાકડી કહે, "ના મને બાળીશ નહીં. હું કુતરાને મારું છું".

કુતરો કહે, "ના ભાઈ, મને મારશો નહીં. હું બિલાડીને મારીશ".

બિલાડી કહે, "ના મને ન મારશો. હું ઉંદરને મારું છું".

ઉંદર કહે, "ના ના. હું રાણીના ચીર કાપીશ".

રાણી કહે, "ના ભાઈ, ચીર ન કાપીશ. હું રાજાથી રિસાઉં છું". રાજા રાણીને કહે, "ના રિસાઈશ નહીં. હું સુથારને દંડ દઈશ".

સુથાર કહે, "ના ના. હું ખોડ કાપી આપીશ". ખોડ કહે, "ના મને ન કાપીશ. હું છોકરાને એનો દાળીયો આપું છું".

છોકરાને એનો દાળીયો મળી ગયો!

## સસ્સા રાણા સાંકળિયા

એક ગામ પાસે જંગલમાં એક બાવાજી ઝુંપડી બનાવી રહેતા હતા અને એક નાના મંદિરમાં પૂજા પાઠ કરતા હતા. બાવાજી રોજ જંગલમાંથી તાજાં, પાકાં ફળો અને

શાકભાજી લઇ આવતા.

એક વાર બાવાજી જંગલમાં ગયા હતા ત્યારે એક સસલાભાઈ એમની ઝુંપડીએ આવી પહોંચ્યા. તાજાં, પાકાં ફળો, શાકભાજી જોઇને સસ્સાભાઈ તો રાજી રાજી થઇ ગયા. એ તો બાવાજીની ઝુપડીમાં ઘુસી ગયા અને અંદરથી બારણું બંધ કરી દીધું. પછી નિરાંતે ફળો અને શાકભાજી ખાવા લાગ્યા.

થોડી વારે બાવાજી આવ્યા તો એમણે જોયું કે ઝુંપડીનું બારણું બંધ છે. બાવાજીએ વિચાર્યું કે અહીં જંગલમાં એમની ઝુપડીમાં કોણ ઘુસી ગયું હશે? એમણે બારણું ખટખટાવી




પૂછ્યું, "ભાઈ, અંદર કોણ છે?"

સસ્સાભાઈ અવાજ ઘેરો કરી બોલ્યા,

"એ તો સસ્સા રાણા સાંકળિયા,

ડાબે પગે ડામ.

ભાગ બાવા નહીંતર તારી તુંબડી તોડી નાખું..."

બાવાજી તો ગભરાઈ ગયા અને જાય ભાગ્યા ગામ ભણી. ગામ પાસેના ખેતરના ખેડૂત પટેલ સામે મળ્યા.

પટેલે બાવાજીને પૂછ્યું, "બાવાજી, આમ ગભરાયેલા કેમ છો? કેમ ભાગો છો?"

બાવાજીએ પટેલને સસ્સા રાણા વાળી વાત કરી. પટેલ કહે, "ચાલો, હું તમારી સાથે આવું".

પટેલ બાવાજીની ઝુંપડીએ ગયા અને

બારણું ખટખટાવી પૂછ્યું, "અંદર કોણ છે?"

સસ્સાભાઈ અવાજ ઘેરો કરી બોલ્યા,

"એ તો સસ્સા રાણા સાંકળિયા,

ડાબે પગે ડામ.

ભાગ પટેલ નહીંતર તારી તુંબડી તોડી નાખું..."

પટેલે આવું કૌતુક ક્યારેય નહોતું જોયું એટલે એ પણ ગભરાયા અને ભાગ્યા. એમણે ગામના મુખીને બોલાવ્યા. ગામના મુખી બાવાજીની ઝુંપડીએ ગયા અને બારણું ખટખટાવી પૂછ્યું, "અંદર કોણ છે?"



સસ્સાભાઈ અવાજ ઘેરો કરી બોલ્યા,

"એ તો સસ્સા રાણા સાંકળિયા,

ડાબે પગે ડામ.

ભાગ મુખી નહીંતર તારી તુંબડી તોડી નાખું..."

મુખી પણ ગભરાયા. બધા મૂંઝાયા કે આ વળી સસ્સા રાણા કોણ છે? આવો અવાજ કોનો છે?

બધાએ બાવાજીને કહ્યું, "તમે આજે ઝુંપડીમાં ન જાવ. આજની રાત ગામમાં જ રહો". બાવાજી એમની ઝુંપડી છોડી ગામમાં સુવા જતા રહ્યા.

સસ્સાભાઈને તો બહુ મજા પડી ગઈ. એમણે તો ધરાઈને ખાધું અને પછી નિરાંતે સુઈ ગયા. સવારે ઝુંપડી છોડી જંગલમાં જતા રહ્યા.

આ વાતની શિયાળભાઈને ખબર પડી. એકવાર બાવાજી બહાર ગયા હતા

ત્યારે શિયાળભાઈ એમની ઝુંપડીમાં ઘુસી ગયા. બાવાજીએ આવીને જોયું કે ફરી વાર કોઈ ઝુંપડીમાં ઘુસી ગયું છે.

બાવાજીએ પટેલને અને મુખીને બોલાવ્યા. બધાએ બારણું ખટખટાવી પૂછ્યું, "અંદર કોણ છે?"

શિયાળભાઈ બોલ્યા,

"એ તો શિયાળભાઈ સાંકળિયા.

ડાબે પગે ડામ.

ભાગ બાવા. નહીતર તારી તુંબડી તોડી નાંખું".

બધા શિયાળભાઈનો અવાજ ઓળખી ગયા. "અરે આ તો શિયાળવું છે".

બધાએ ભેગા મળી બારણું તોડી નાખ્યું. અંદર જઈ શિયાળને બરાબરનો મેથીપાક આપ્યો!

શિયાળભાઈ તો જાય ભાગ્યા જંગલમાં.

હજી સુધી શિયાળભાઈને એ નથી સમજાયું કે સસ્સાભાઈ કેમ ન પકડાયા અને પોતે કેમ ઓળખાઈ ગયા?

# મા મને છમ્મ વડું...

એક ગામ હતું. એમાં એક ગરીબ માણસ રહેતો હતો. એને સાત દીકરીઓ હતી. ગરીબ માણસ પાસે કાંઈ જ કામ નહોતું. એ રોજ ભિક્ષા માંગીને ખાતો – ખવરાવતો.

એક દિવસ એને ભિક્ષામાં થોડો લોટ મળ્યો. એને થયું કે ઘણા દિવસથી વડાં નથી ખાધાં તો લાવ આજે વડાં ખાઈએ. પરંતુ લોટ વધારે ન હોવાથી ઘરના બધા જ માટે વડાં ન

બની શકે. એટલે એણે એની પત્નીને કહ્યું કે દીકરીઓ સુઈ જાય પછી વડાં બનાવજે.


રાત પડી અને દીકરીઓ સુઈ ગઈ. પછી એમની માએ વડાં બનાવવા માંડ્યાં. વડાં બનાવતાં ગરમ તેલમાં લોટ પડે ત્યારે છમ્મ એવો અવાજ થાય. છમ્મ સાંભળીને સૌથી મોટી દીકરી જાગી ગઈ.

એ તરત રસોડામાં ગઈ અને બોલી, "મા મને છમ્મ વડું...".

માએ ના છુટકે એને વડું આપવું પડ્યું.

પછી માએ બીજું વડું બનાવ્યું તો એનો છમ્મ અવાજ સાંભળીને બીજી દીકરી જાગી ગઈ અને એણે પણ મા પાસે જઈ કહ્યું, "મા મને છમ્મ વડું...". માએ ના છુટકે એને વડું આપવું પડ્યું.

આમ કરતાં સાતેય દીકરીઓએ




એક એક વડું ખાઈ લીધું. એમના બાપને બિચારાને એક પણ વડું ન મળ્યું. એ તો ગુસ્સે થઇ ગયો. માંડ માંડ વડાં ખાવા મળતાં હતાં અને દીકરીઓ ખાઈ ગઈ. એ તો સાતેય દીકરીઓને લઈને જંગલમાં મૂકી આવ્યો.

છ બહેનો તો એક ઝાડ પર ચડી ગઈ પણ નાની બહેન ઝાડ પર ન ચડી શકી. એ દુર દુર દોડવા માંડી. એણે એક સરસ મજાનું મકાન જોયું. એણે મકાનમાં અંદર જઈ જોયું તો ખુબ સારું સારું ખાવા

પીવાનું હતું. એ તો એકદમ રાજી રાજી થઇ ગઈ. નાચવા કુદવા લાગી. એણે તરત જ એની છ બહેનોને બોલાવી. સાતેય બહેનો મકાનમાં રહેવા લાગી. સારું સારું ખાઈ-પીને એકદમ ગુલાબી અને તંદુરસ્ત દેખાવા લાગી.

આ બાજુ એમના બાપને ખુબ પસ્તાવો થયો કે, "અરેરે. હું કેવો બાપ છું. મારી દીકરીઓએ વડાં ખાધાં એમાં ગુસ્સે થઈને એમને જંગલમાં મૂકી આવ્યો. મારી દીકરીઓનું શું થતું હશે?"

એ તો દોડતો જંગલમાં ગયો. ત્યાં એણે જોયું કે એની સાતેય દીકરીઓ એક સરસ મકાનમાં આનંદથી રહેતી હતી. સારું સારું ખાઈ-પીને ગુલાબી અને તંદુરસ્ત થઇ ગઈ હતી. એ ખુબ જ ખુશ થઇ ગયો. દીકરીઓને ભેટી પડ્યો. પછી એણે ઘણું બધું ખાવાનું લીધું અને દીકરીઓને લઈને ઘરે આવી ગયો.

## ટચુકિયા ભાઈ

એક ગામમાં એક ઘરડાં માજી રહેતાં હતાં. એમને કોઈ બાળકો નહોતા. માજી એકલાં રહેતાં હતાં. એક દિવસ માજી જંગલમાં શાકભાજી લેવા ગયાં. એમણે એક ફણસ તોડ્યું. ઘરે આવીને ફણસ કાપ્યું તો એમાંથી એક બાળક નીકળ્યું. માજીએ એનું નામ સાંગો પાડ્યું. માજી એને ઉછેરવા લાગ્યા. એક દિવસ ફણસમાંથી બીજો છોકરો નીકળ્યો. માજીએ એનું નામ સરવણ પાડ્યું.

shikshansagar.com

ફરી એક દિવસ માજીને ફણસમાંથી બાળક મળ્યું. માજીએ એનું નામ લાખો પાડ્યું. એ પછી પણ ફણસમાંથી બાળક નીકળ્યું એનું નામ લખમણ પાડ્યું. માજી ચાર દીકરાને ઉછેરવા લાગ્યા. થોડા વખત પછી ફરી એક વાર ફણસમાંથી એક બાળક નીકળ્યું. આ બાળક સાવ ટચુકિયો હતો! એનું નામ ટચુકિયા ભાઈ પાડ્યું. માજી અને આ પાંચ દીકરા સુખથી રહેવા લાગ્યા.

એક દિવસ માજી




જંગલમાંથી જતાં હતાં ત્યાં સિંહ મળ્યો.

સિંહ માજીને કહે, "માજી, હું તમને ખાઈ જઈશ".

માજી સિંહને કહે, "અરે ભાઈ, મને ઘરડીને શું ખાઇશ? હું મારા તાજા માજા દીકરા ટચુકિયાને મોકલું છું. એને ખાજે".

સિંહ કહે, "ભલે, તો મોકલો તમારા ટચુકિયાને".

માજી જાણતા હતાં કે ટચુકિયો બહુ જ ચાલાક છે. એ જરૂર કોઈ રસ્તો કાઢશે.

માજીએ ઘરે જઈને ટચુકિયા ભાઈને કહ્યું કે જંગલમાં સિંહ મામા રહે છે. એ તમને મળવા બોલાવે છે.

"ટચુકિયા ભાઈ રે, મામા ઘરે જાજો..."

ટચુકિયાભાઈ સમજી ગયા કે સિંહમામા કાંઈ અમસ્તા મળવા ન બોલાવે. એ કહે,

"ના મા, મામા મને ખાય..."

માજીએ ટચુકિયા ભાઈને કહ્યું કે તમે કોઈ રસ્તો શોધો

અને આપણને બધાંને સિંહથી બચાવો.

ટચુકિયાભાઈએ માજીને કહ્યું કે તમે સિંહને કહો કે આપણે ઘરે જ જમવા આવે.

માજી જંગલમાં ગયાં. સિંહે માજીને કહ્યું, "કેમ, તમારો ટચુકિયો ન આવ્યો? હવે હું તમને ખાઉં".

માજીએ સિંહને કહ્યું કે, "સિંહભાઈ, તમે અમારા ઘરે જ જમવા આવોને? મારે પાંચ દીકરા છે".

સિંહને થયું, "આ સારું. માજીને ઘરે જઈશ તો માજી અને એના પાંચ દીકરા એમ છ માણસ ખાવા મળશે".

સિંહ તો માજીને ઘરે ગયો. પાંચેય દીકરા સાથે ખુબ વાતો કરી. પછી માજીએ સિંહને કહ્યું કે, "સિંહભાઈ, તમે શું જમશો?"

સિંહ કહે,

"પહેલાં તો ખાશું સાંગો ને સરવણ.

પછી તો ખાશું લાખો ને લખમણ.

પછી તો ખાશું ટચુકિયા ભાઈને.

છેલ્લે ખાશું ડોહલી બાઈને..."

ટચુકિયાભાઈ સિંહને કહે, "મામા, એટલા જલ્દી અમને ન ખાશો. પહેલાં અમારી એક વાર્તા સાંભળો". આમ કહી એમણે સિંહને વાત કહી કે અમે પાંચ ભાઈ ભેગા મળીને કોઈને કેવી રીતે મારીએ અને પછી ગાવા લાગ્યા,

"હાથડા તો જલશે સાંગો ને સરવણ.

પગડા તો જલશે લાખો ને લખમણ.

ગળું તો કાપશે ટચુકિયા ભાઈ.

દીવડો તો જલશે ડોહલી બાઈ..."

સિંહને થયું, "ઓ બાપ રે! આ બધા ભેગા મળી જાય તો મને આવી રીતે મારી શકે. તો ચાલ ભાઈ, ભાગ અહીંથી..."

સિંહ તો જાય ભાગ્યો...

ટચુકિયાભાઈ બુમ પાડીને કહે, "અરે સિંહમામા, જમ્યા વગર કેમ ભાગ્યા?"

પછી માજી અને પાંચેય દીકરા મજાથી રહેવા લાગ્યા.

ચકી બાઈ એક મુંડાય રાજા કુટુંબ મુંડાય

એક રાજાના મહેલમાં એક ચકલી રહેતી હતી. એક દિવસ રાજા સભા ભરીને બેઠો હતો. ચકલી રાજાના માથા ઉપરથી ઉડી અને ભૂલથી એની ચરક રાજાના માથા ઉપર પડી!

રાજા ખુબ જ ગુસ્સે થઇ ગયો. એણે એના સિપાઈઓને હુકમ કર્યો કે ચકલીને પકડીને એનું માથું મુંડી નાંખો. ચકલીને ઘણું લાગી આવ્યું. એણે રાજાને બરાબરનો પાઠ ભણાવવાનું નક્કી કર્યું. એ યોગ્ય તક મળે એની રાહ જોવા લાગી.

એક દિવસ રાજા મંદિર ગયો. એ ભગવાનને પગે લાગીને પ્રાર્થના કરવા લાગ્યો, "હે ભગવાન! મારા પર દયા કરજો".

ચકલી ભગવાનની મૂર્તિ પાછળ છુપાઈ ગઈ અને અવાજ કાઢ્યો, "જા રે રાજા! ભાગ! હું તારા પર દયા નહીં કરું".

રાજાએ પૂછ્યું, "એવું કેમ ભગવાન?"

ચકલી બોલી, "પહેલાં તારું માથું મુંડાવ".

રાજાએ ઘરે જઈને માથું મુંડાવ્યું. પછી પાછો મંદિર આવ્યો અને પ્રાર્થના કરવા લાગ્યો, "હે ભગવાન! મારા પર દયા કરજો".

ચકલી ભગવાનની મૂર્તિ પાછળ છુપાઈ ગઈ અને અવાજ કાઢ્યો, "જા રે રાજા! ભાગ! હું તારા પર દયા નહીં કરું".

રાજાએ પૂછ્યું, "એવું કેમ ભગવાન?"

ચકલી બોલી, "પહેલાં તારી રાણીનું માથું મુંડાવ".

રાજાએ ઘરે જઈને રાણીનું માથું મુંડાવ્યું. પછી પાછો મંદિર આવ્યો અને પ્રાર્થના કરવા લાગ્યો, "હે ભગવાન! મારા પર દયા કરજો".

ચકલી ભગવાનની મૂર્તિ પાછળ છુપાઈ ગઈ અને અવાજ કાઢ્યો, "જા રે રાજા! ભાગ! હું તારા પર દયા નહીં કરું".

રાજાએ પૂછ્યું, "એવું કેમ ભગવાન?"

ચકલી બોલી, "પહેલાં તારા કુંવરનું માથું મુંડાવ".

રાજાએ ઘરે જઈને કુંવરનું માથું મુંડાવ્યું. પછી પાછો મંદિર આવ્યો અને પ્રાર્થના કરવા લાગ્યો, "હે ભગવાન! મારા પર દયા કરજો".

ચકલી ભગવાનની મૂર્તિ પાછળ છુપાઈ ગઈ અને અવાજ કાઢ્યો, "જા રે રાજા! ભાગ! હું તારા

પર દયા નહીં કરું".

રાજાએ પૂછ્યું, "એવું કેમ ભગવાન?"

ચકલી બોલી, "પહેલાં તારી કુંવરીનું માથું મુંડાવ".

રાજાએ ઘરે જઈને કુંવરીનું માથું મુંડાવ્યું. પછી પાછો મંદિર આવ્યો અને પ્રાર્થના કરવા લાગ્યો, "હે ભગવાન! મારા પર દયા કરજો".

આ વખતે ચકલી ભગવાનની મૂર્તિ પાછળથી બહાર આવીને ગાવા લાગી,

"ચકીબાઈ એક મુંડાય, રાજા કુટુંબ મુંડાય..."

"ચકીબાઈ એક મુંડાય, રાજા કુટુંબ મુંડાય..."

"ચકીબાઈ એક મુંડાય, રાજા કુટુંબ મુંડાય..."

ચકીબાઈને મજા પડી ગઈ. એણે રાજા સાથે મીઠો બદલો લીધો અને પાઠ ભણાવ્યો કે ક્યારેય કોઈનું અપમાન ન કરવું જોઈએ.

## લપોડ શંખ

એક ગામમાં બે મિત્રો રહેતા હતા. એક ઘણો ગરીબ અને સાદો-ભોળો હતો. એણે ભગવાન શંકરનું તપ કર્યું અને પોતાને થોડી સંપત્તિ આપવા પ્રાર્થના કરી. શિવજીએ એને એક શંખ આપ્યો અને રોજ એ શંખની પૂજા કરવા કહ્યું.

આ ગરીબ માણસ રોજ શંખની પૂજા કરતો. રોજ શંખ એને એક સોનામહોર આપતો. આ રીતે રોજ એક સોનામહોર મળતી હોવાથી એ ઘણો ધનિક બની ગયો!



એના મિત્રએ એને આમ એકદમ ધનિક બની જવાનું રહસ્ય પૂછ્યું. ભોળા મિત્રએ એને બધું કહી દીધું. એનો આ મિત્ર લોભી હતો. એણે શિવજીનો શંખ પડાવી લેવાનું નક્કી કર્યું. એણે શિવજીના શંખ જેવો દેખાતો એક બીજો શંખ મેળવી લીધો. એક રાત એ એના મિત્રને ઘરે રહ્યો અને શિવજીના શંખની સાથે પોતાના શંખની અદલા બદલી કરી નાંખી!

બીજે દિવસે ભોળા મિત્રએ શંખની પૂજા કરી ત્યારે શંખે કશું ન આપ્યું. એણે શિવજીની પ્રાર્થના કરી અને પૂછ્યું કે એની સાથે આવું કેમ બન્યું? શિવજીએ એને બીજો એક શંખ આપ્યો અને કહ્યું કે આ શંખ એની પાસેની વસ્તુને બમણી કરી આપશે! ભોળા મિત્રએ આ વાત એના મિત્રને કરી. લોભી મિત્ર શિવજીનો ચમત્કારી શંખ પાછો લઇ આવ્યો અને એને આ નવા શંખ સાથે બદલાવી નાંખ્યો. એ નવો શંખ લઇ ગયો.

લોભી મિત્રએ નવા શંખની પૂજા કરી અને પોતાની સંપત્તિ બમણી કરી આપવા કહ્યું. પરંતુ એને કશું જ ન મળ્યું! આપણા ભોળા મિત્રને તો શિવજીનો મૂળ ચમત્કારી શંખ પાછો મળી ગયો હતો એટલે એણે એ શંખની પૂજા કરી ત્યારે એને સોનામહોર મળવા લાગી!



લોભી મિત્ર રડવા લાગ્યો

અને શંખને "લપોડ શંખ" કહી એનો ઘા કરી દીધો!

## રંગીલા રળિયા કાકા

એક ગામમાં રળિયા નામનો એક માણસ રહેતો હતો. એ ઘણો જ વિનમ્ર હતો. તેનો સ્વભાવ ઘણો આનંદી હતો એટલે લોકો તેને "રંગીલા રળિયા કાકા" કહેતા.

એક દિવસ બે છોકરીઓ તેલ ભરેલી બરણી લઈને શેરીમાંથી જઈ રહી હતી. એક છોકરી બીજી છોકરીને એના કુટુંબની સમસ્યાઓ વિષે કહેતી હતી. એના પપ્પાની તબિયત સારી નહોતી રહેતી, મમ્મી ચિંતામાં જ રહેતી, ભાઈ પરીક્ષામાં નાપાસ થયા કરતો. તે એના ઘરની શાંતી માટે કાંઈ પણ કરવા તૈયાર હતી.

રળિયા કાકા છોકરીઓની પાછળ જ ચાલતા હતા. એમણે છોકરીને સુચન કર્યું કે હનુમાનજીને તેલ ચઢાવી દે! છોકરીઓ રળિયા કાકાનો આદર કરતી હતી એટલે એમણે રળિયા કાકાની વાત માની. વળી એ દિવસે શનિવાર હતો એટલે હનુમાનજીનો વાર! છોકરીએ બધું તેલ હનુમાનજીને ચઢાવી દીધું!

છોકરી ઘરે ગઈ ત્યારે એની માએ એને તેલ માટે પૂછ્યું. જ્યારે માએ શું બન્યું તે જાણ્યું ત્યારે એ ખુબ જ ગુસ્સે થઇ ગઈ. તે રાજા પાસે રળિયા કાકા સામે ફરિયાદ કરવા ગઈ.

આ બાજુ રળિયા કાકા બુટ ચંપલની દુકાનમાં

બુટ ખરીદવા ગયા. એમણે જુદી જુદી જાતના બુટના નામ પૂછ્યાં. બુટની એક જોડીનું નામ હતું "પેર જા".

દુકાનદારે નામ કહ્યું, "પેર જા".

હિન્દી ભાષામાં "પેર જા" એટલે "પહેરી લે". એટલે રળિયા કાકા તો એ બુટ પહેરીને ઘરે જવા લાગ્યા. દુકાનદારે પૈસા આપવા કહ્યું તો રળિયા કાકા કહે,

"કેમ ભાઈ? હમણા જ તો તમે મને કહ્યું કે પેર જા..." (એટલે કે પહેરી લે).

દુકાનદાર ગુસ્સે થઇ ગયો અને રાજાને ફરિયાદ કરવા ગયો.

પછી રળિયા કાકા મીઠાઈની દુકાને ગયા. એમણે જુદી જુદી મીઠાઈના નામ પૂછ્યાં. દુકાનદારે મીઠાઈઓના નામ કહ્યાં. એમાં ખાજા પણ હતા. ખાજા નામની મીઠાઇ આપણે નાગપંચમીના તહેવારમાં ખાતા હોઈએ છીએ.

દુકાનદારે મીઠાઈનું નામ કહ્યું, "ખાજા".

હિન્દી ભાષામાં "ખાજા" એટલે "ખાઈ લે". રળિયા કાકા તો ખાજાનો મોટો ટુકડો ખાઈને ઘરે જવા લાગ્યા.

મીઠાઈનો દુકાનદાર પણ રાજાને ફરિયાદ કરવા ગયો. રાજાએ રળિયા કાકાને બોલાવવા એક સિપાહીને મોકલ્યો. રળિયા કાકા સરળ અને સારા માણસ તરીકે જાણીતા હોવાથી સિપાહીને થયું કે રાજાએ એમને કોઈ ઇનામ આપવા બોલાવ્યા હશે. સિપાહીએ રળિયા કાકાને કહ્યું

કે તમને જે ઇનામ મળે એમાંથી મને પણ કાંઇક આપજે. રળિયા કાકાએ સિપાહીને ઈનામનો ભાગ આપવાનું વચન આપ્યું.

રાજાએ રળિયા કાકાને એમની સામેની ફરિયાદો વિષે પૂછ્યું. રળિયા કાકાએ રાજાને આ બધી રમુજી વાતો કહી. હનુમાનજીને તેલ ચઢાવવાની, બુટ પહેરી લેવાની અને ખાજા ખાઈ જવાની વાતો માણીને રાજા ખુબ હસ્યા. રાજાએ ખુશ થઈને રળિયા કાકાને કોઈ ઇનામ માંગવા કહ્યું. રળિયા કાકાએ ઇનામમમાં ચાબુકના ૧૦૦ ફટકા માંગ્યા!!

રાજા તો આ સાંભળીને સ્તબ્ધ થઇ ગયા. રળિયા કાકાએ રાજાને કહ્યું કે એમના સિપાહીએ ઈનામનો ભાગ માંગ્યો છે. માટે આવા લોભી સિપાહીને ચાબુકના ફટકાના "ઇનામ"નો ભાગ મળવો જ જોઈએ. પોતાના કર્મચારીઓ આવી રીતે લાંચ માંગે છે એ જાણીને રાજા ખુબ જ ગુસ્સે થઇ ગયા. એમણે સિપાહીને કડક સજા કરી અને રળિયા કાકાને ૧૦૦ સોનામહોરનું ઇનામ આપ્યું. રંગીલા રળિયા કાકા સુખેથી રહેવા લાગ્યા...

## ખડબડ ખાં

એક રાજા હતો. એ ઘણો જ સારો રાજા હતો. એના રાજયમાં બધા બહુ જ સુખી હતા. એ રોજ રાતે નગરચર્યા કરવા નીકળતો. એક રાતે એ રસ્તો ભૂલી ગયો. એ એક ઘરડા માજીના ઘરે ગયો. રાજાએ વેશપલટો કર્યો હોવાથી માજી

રાજાને ઓળખી ન શક્યાં. રાજાએ પાણી માગ્યું એટલે માજીએ એને પાણી આપ્યું. એ વખતે માજીની નજર રાજાના હાથ પર પડી. એમણે વીંટી જોઈ એટલે તરત રાજાને ઓળખી ગયાં.

માજીએ રાજાને કટાઈ ગએલી, તૂટેલી બાલદી આપી. રાજાને થયું કે માજી મને ઓળખતાં નથી એટલે આવી તૂટેલી ચીજ આપે છે. રાજાએ બાલદીને એક કપડામાં વીંટાળી. બાલદીનો એક ટુકડો તૂટી ગયો. રાજાએ એને ઘસ્યો તો એમાંથી



ધુમાડો નીકળ્યો અને એક વિચિત્ર જેવો માણસ પ્રગટ થયો. આ માણસ ઘડીકમાં ખુબ જ ઉંચો થઇ જાય તો ઘડીકમાં એકદમ નીચો થઇ જાય. ઘડીકમાં ખુબ જ જાડો થઇ જાય તો ઘડીકમાં એકદમ પાતળો થઇ જાય.

રાજાએ આવા અજાયબ માણસને પૂછ્યું, "તું કોણ છે?"

વિચિત્ર માણસે કહ્યું, "મારું નામ ખડબડ ખાં છે. હું ઉંચો, નીચો, જાડો, પાતળો થઇ શકું છું. હું તારું કોઈ પણ કામ કરી શકું".

રાજા ખડબડ ખાંને પોતાની સાથે લઇ ગયા. રાજાએ એમને કહ્યું કે મારો બગીચો સાફ કરી આપો. ખડબડ ખાંએ તરત જ બગીચો એકદમ સુંદર કરી આપ્યો. રાજાએ ક્યારેય આવો સુંદર બગીચો નહોતો જોયો. રાજા એમને ખુબ જ માનપાન આપવા લાગ્યા.

રાજાની હજામત કરવા આવતા હજામને આ ન ગમ્યું. એણે રાજાને કહ્યું કે તમે ખડબડ ખાંને કહો કે હિમાલયમાં થતું જીવતું ઝાડ, ગાતું પક્ષી લઇ આવે. રાજાએ ખડબડ ખાંને કહ્યું તો એ કહે કે આ તો બહુ જ મુશ્કેલ છે. રાજા કહે કે તમે નહીં લાવો તો હું ખાવા-પીવાનું છોડી દઈશ. ખડબડ ખાં હિમાલય જવા ઉપડયા.

ખડબડ ખાં ખુબ જ ઊંચા થઇ ગયા અને લાંબા પગલાં ભરતા હિમાલય પહોંચી ગયા. ત્યાં ગામ લોકોને જીવતા



ઝાડ, ગાતા પક્ષી વિષે પૂછ્યું તો ગામ લોકો કહે કે એની આસપાસ ભયંકર રાક્ષસો રહે છે. તમે બેહોશીનું અત્તર લઇ જાવ અને રાક્ષસોને બેભાન કરી દેજો. ખડબડ ખાં એકદમ નીચા થઇ ગયા અને જીવતા ઝાડ પાસે ગયા. એમણે રાક્ષસો પર બેહોશીનું અત્તર નાખ્યું અને એમને બેભાન કરી દીધા. પણ એક કાણો રાક્ષસ જલ્દી બેભાન ન થયો એ બધું જોઈ ગયો. ખડબડ ખાં જીવતું ઝાડ અને ગાતું પક્ષી લઈને ભાગ્યા એ કાણો રાક્ષસ જોઈ ગયો. ખડબડ ખાંએ રાજાને જીવતું ઝાડ અને ગાતું પક્ષી આપ્યાં એટલે રાજા તો ઘણો ખુશ થઇ ગયો. ખડબડ ખાંના માનપાન ઘણા વધી ગયા.

આથી હજામ વધારે ખિજાયો. એણે રાજાને ચઢાવ્યો કે તમે હજી કુંવારા છો તો ખડબડ ખાંને કહો કે તમારા માટે હિમાલયથી

પદમણી લઇ આવે. રાજાએ ખડબડ ખાંને કહ્યું તો એ કહે કે આ તો બહુ જ મુશ્કેલ છે. રાજા રિસાઈ ગયો એટલે ખડબડ ખાં રાજા માટે પદમણી લેવા હિમાલય ગયા. ત્યાં ગામ લોકો એમને જોઇને રાજી રાજી થઇ ગયા. એમણે કહ્યું કે પદમણી તો અમારા રાજાની કુંવરી છે. એને હાથીઓ ઉપાડી ગયા છે. ખડબડ ખાં એકદમ નીચા થઇ ગયા અને હાથીઓ પાસે ગયા. એક મોટા હાથીએ પદમણીને એના કાનમાં રાખી હતી. ખડબડ ખાંએ હાથીઓ પર બેહોશીનું અત્તર નાખ્યું અને એમને બેભાન કરી દીધા. હાથીને ખબર ન પડે એ માટે ખડબડ ખાંએ પદમણીના વજન જેટલા વજનની લોટની ગુણી એના કાનમાં મૂકી દીધી. પછી પદમણીને પોતાની સાથે લઇ ગયા. રાજા સાથે પદમણીના લગ્ન કરાવ્યા.

રાજા રાણી સુખેથી રહેવા લાગ્યા. એવામાં એક નવી મુસીબત આવી પડી. પેલો કાણો રાક્ષસ જે ખડબડ ખાંને જોઈ ગયો હતો તે એમને શોધતો શોધતો આવી પહોંચ્યો. તે સાધુનો વેશ લઈને ગામ બહાર રહેવા લાગ્યો. ત્યાં આવતા લોકોને અને પશુઓને મારતો હતો. આ તકનો લાભ લઈને હજામે ખડબડ ખાંને મારી નાખવાનું નક્કી કર્યું. રાક્ષસને મળીને એણે એક યોજના કરી.

હજામે રાજાને કહ્યું કે ગામ બહાર એક સાધુ આવ્યા છે એના આશીર્વાદ લેવા જાવ. ખડબડ ખાંને પણ લઇ જાવ.

રાજા ખડબડ ખાંને લઈ ગયા. રાક્ષસ તો આ તકની જ રાહ જોતો હતો. એણે રાજાને કહ્યું કે હું તમારા રાજ્યની શાંતી માટે એક હવન કરીશ. રાક્ષસે હવન કર્યો અને રાજાને તથા ખડબડ ખાંને અગ્નિકુંડના ફેરા ફરવા કહ્યું. એનો ઈરાદો ખડબડ ખાંને અગ્નિમાં નાંખી દેવાનો હતો. પણ ખડબડ ખાં ચેતી ગયા. તેઓ એકદમ ઊંચા અને જાડા બની ગયા. એમણે રાક્ષસને ઉપાડીને આગમાં નાંખી દીધો.

હવે ખડબડ ખાં સમજી ગયા હતા કે હજામ જ આવા કાવતરાં કરે છે. એમણે તક મળતાં જ હજામને ભગાડી મુક્યો. પછી એમણે પાછા જવા માટે રાજાની અનુમતિ માંગી. રાજા તો એમને હંમેશા પોતાની સાથે જ રાખવા માંગતા હતા. પરંતુ ખડબડ ખાંએ કહ્યું કે તેઓ કાયમ ત્યાં ન રહી શકે. ભવિષ્યમાં કોઈ મુસીબત આવે ત્યારે બોલાવજો. ખડબડ ખાંએ વિદાય લીધી. રાજા રાણી આનંદથી રહેવા લાગ્યા.

# SHIKSHAN SAGAR
## (શિક્ષણ સાગર)
## એપ્લીકેશન ની વિશેષતા

આ એપ્લીકેશન મુખ્ય ત્રણ વિભાગમાં વહેચવામાં આવી છે .

૧. ટીચર  ૨. વિદ્યાર્થી
૩. ટીચર હેલ્પ ડેસ્ક

ટીચર – ઓનલાઈન હાજરી, MDM હાજરી, SAS ગુજરાત, ગુણોત્સવ પોર્ટલ, જ્ઞાનકુંજ પ્રોજેક્ટ, GSHALA લોગીન, આધાર ડાયઝ એન્ટ્રી, શિષ્યવૃત્તિ ઓનલાઈન હાજરી, ખેલ મહાકુંભ એન્ટ્રી, ઈન્સ્પાયર એવોર્ડ એન્ટ્રી, CPF ચેક કરો, ઓનલાઈન PLI – LIC ભરો.

અમારા શિક્ષણ સાગર વોટ્સઅપ ગ્રુપમાં જોઈન થાઓ.

શિક્ષણ સાગર
JOIN GROUP



વિદ્યાર્થી – પાઠ્યપુસ્તક , પાઠ આયોજન, શિક્ષક આવૃત્તિ, સ્વ અધ્યયનપોથી, ઓનલાઈન MCQ , યુનિટ ટેસ્ટ , એકમનું સ્વાધ્યાય, MP3 કાવ્ય , અધ્યયન નિષ્પતી , અધ્યયન નિષ્પતી આધારિત પ્રશ્નો , સંદર્ભ સાહિત્ય અને આ બધું પાઠ વાઈઝ

ટીચર હેલ્પ ડેસ્ક – શિક્ષક ઉપયોગી મટેરિયલ્સ, તમારું બનાવેલું મટેરિયલ્સ અમને આપો, તમારે જે મટેરિયલ્સ જોઈએ તે અમને કહો, મૂંઝવણ અને માર્ગદર્શન .

અમારા શિક્ષણ સાગર એપ્લીકેશન પ્લે-સ્ટોર માંથી ડાઉનલોડ કરો.

Download
શિક્ષણ સાગર
APPLICATION